## એ સમથિંગ છે...

એ નહીં આપે જરાયે ભાવ, એ સમથિંગ છે,
તું હવે વાંકો પડી બોલાવ, એ સમથિંગ છે.

કોઈને જોતા નથી એવું જરી ના માનતો,
એમણે કરવો પડે દેખાવ, એ સમથિંગ છે.

વાત દરિયાપારની જાહોજલાલીની કરે,
રેતમાં કાયમ ચલાવે નાવ, એ સમથિંગ છે.

આપને ખાતર એ જન્મ્યા છે આ ભારત દેશમાં,
આપ સૌ ભેગા મળીને ગાવ, એ સમથિંગ છે.

લાગણી ને પ્રેમ ને શ્રદ્ધા નકામું છે બધું,
જાતની સાથે ય ખેલે દાવ, એ સમથિંગ છે.

કાલ ઓચિંતો જરા છાતીમાં દુઃખાવો થયો,
ત્યારથી ભૂલી ગયા છે સાવ, એ સમથિંગ છે.

◆

## રોશનીના શહેરમાં

રોશનીના શહેરમાં ચાલીસમાં માળે ઊભી,
એક સૂની યાદ ઝાંખા સાવ અજવાળે ઊભી.

કોણ સમજાવે હવે ત્યાં કોઈ પણ રહેતું નથી,
આંખ ભોળી કાટ ખાતાં બારણે-તાળે ઊભી.

બાદબાકી એજ કરતાતા ખબર પણ ના પડી,
જિંદગી જેની નજરના કોઈ સરવાળે ઊભી.

લોક હકડેઠઠ ઉભુંતું ખેલ જોવા ચોતરફ,
ભૂખ ભૂંડી સાવ ડગમગતી હરણફાળે ઊભી.

ને પછી ‘મિસ્કીન’ લકવાગ્રસ્ત થઈ ગઈ લાગણી,
શ્વાસ ખાવા ભાગ્યના કોઈ અટકચાળે ઊભી.

◆

## વ્હાલા

જિંદગી તો ઉધાર છે વ્હાલા,
કૈંક મૃત્યુય પાર છે વ્હાલા.

માત્ર એક જ અનંત છે કિંતુ,
અંત સઘળા અપાર છે વ્હાલા.

આ બધા સ્વર્ગ-નર્કનાં વર્ણન,
ક્યાં કશામાંય સાર છે વ્હાલા.

ધ્યાન જેને સદા ગણાવે મન,
એય મનનો વિચાર છે વ્હાલા.

દૂર આકાશ સમ છવાયો છે,
એ જ કિરતાર પ્યાર છે વ્હાલા.

થાય સાજા સમાધિ પામે તે,
ટૂંકમાં સૌ બીમાર છે વ્હાલા.

વાત સુખની છે પાત્રતાની છે,
તીર જે આરપાર છે વ્હાલા.

◆

## સાધો

કોઈ ક્યાં મારનાર છે સાધો,
સર્વ ખુદના શિકાર છે સાધો.

બહાર ડૂબો કે જાતમાં ડૂબો,
ડૂબવું યાદગાર છે સાધો.

વિશ્વ સુંદર છે માણવા જેવું,
ક્યાં કશુંયે અસાર છે સાધો.

સર્વ સીધા સરળ સમય પૂરતા,
સર્વનાં મન ખૂંખાર છે સાધો.

દાવમાં પ્રાણ-મન બધું મૂકે,
ભક્તિ અસલી જુગાર છે સાધો.

◆

## પાછા વળી જવાનું

કાયમ નગર નગરથી પાછા વળી જવાનું,
પહોંચીને હર સફરથી પાછા વળી જવાનું.

અઘરું સદાય અઘરું પ્રત્યેક કદમ કપરું,
મન! પ્રેમની ડગરથી પાછા વળી જવાનું.

છે યાદ કોઈ જોતું'તું રાહ ઘેર કાયમ,
ને કોઈ પણ ખબરથી પાછા વળી જવાનું.

પથ્થર રિવાજના સૌ, છુંદાય રોજ ચહેરો,
તૂટેલ દિલ-જિગરથી પાછા વળી જવાનું.

અંતિમક્રિયા બીજાની ને જાતની અલગ છે,
સૌ પારકી કબરથી પાછા વળી જવાનું.

મનમાં થયા કરે છે 'મિસ્કીન' કેમ આવું?
જઈને નજીક, ઘરથી પાછા વળી જવાનું.

◆

## પરોઢે શહેર

સાંજના જેવું જ પંખીઓ પરોઢે ગાય છે,
આમ અજવાળુંય મીઠું થાય છે, ભીંજાય છે.

ફૂલ-ઘર-આખ્ખું નગર ખીલતું-ઊઘડતું જાય છે,
ને ગજબ શ્રદ્ધાસભર શીતળ હવા લહેરાય છે.

ઘાસ લીલુંછમ્મ કૈં ઝાકળભર્યું, કિરણોભર્યું,
આમ કૈં પગલાં ય લીલાંછમ ઝળહળ થાય છે.

લાગતું'તું શ્હેર રાતે આગિયાનું ઝૂમખું,
આયનો લઈ સૂર્યની સામે ઊભું દેખાય છે.

ને પછી ટ્રાફિક ને ઘોંઘાટ રસ્તા પર વધે,
ગોટવાતું શ્હેર પાછું સાંજ લગ ગોટાય છે.

◆

## યુદ્ધ મનમાં

મૌન બેઠો છું અને ચાલે ભયંકર યુદ્ધ મનમાં,
કેટલા ઊભા કરે છે પ્રશ્ન-ઉત્તર યુદ્ધ મનમાં.

બહારથી પડખાં બદલતો જાગતો દેખાઉં કિંતુ,
હા, મહાભારત સમું ખેલાય અંદર યુદ્ધ મનમાં.

કેટલી રાખી સુરક્ષા કેટલા ડરમાં સૂતા'તા,
ખેલતાતા રોજ નેપોલિયન-સિકંદર યુદ્ધ મનમાં.

ક્યાંય ના દેખાય ને ચારે-તરફ એની જ વાતો,
આમ કૈં ઊભા કરે છે રોજ ઈશ્વર યુદ્ધ મનમાં.

ને અચાનક બહાર ફાટી નીકળેલું લાગતું પણ,
હોય છે પુષ્કળ પુરાણું જે નિરંતર યુદ્ધ મનમાં.

ક્યાંક ને હા ક્યાંક પૃથ્વી પર સતત ચાલ્યા કરે છે,
હરપળે ચાલ્યા કરે એવું બરાબર યુદ્ધ મનમાં.

બહારની દુનિયા હજારો વાર પામે નાશ મિસ્કીન,
કો'ક દી' ખેલાય છે એવુંય પળભર યુદ્ધ મનમાં.

◆

## રસ્તા એ તરફના નીકળ્યા...

હું અને આ મારી શ્રદ્ધા એ તરફના નીકળ્યા,
એ પછી બધ્ધા જ રસ્તા એ તરફના નીકળ્યા.

શ્વાસ ને ઉચ્છ્વાસ એનાથી અલગ ક્યારે હતા?
કાળજે પ્રત્યેક પડઘા એ તરફના નીકળ્યા.

આ અહીં ઘરમાં ગમ્યું ના એટલે ક્યારેય પણ,
સાંભળ્યા... એ સર્વ કિસ્સા એ તરફના નીકળ્યા.

ને પછી ચારે દિશા ત્યાં એક થઈ જાતી હતી,
ચોતરફ પાડેલ પડદા એ તરફના નીકળ્યા.

પાંદડું મરજી વગર એની કદી હાલ્યું નથી,
શ્વાસ ને પ્રત્યેક ઘટના એ તરફના નીકળ્યા.

એટલે 'મિસ્કીન' ભટકવામાં મઝા કાયમ પડી,
મેં ભરેલાં સર્વ પગલાં એ તરફનાં નીકળ્યાં.

◆

## કાંઠા કર્યા

જળ કર્યાં જુદાં બધાએ ને અલગ કાંઠા કર્યા,
ધોધથી છુટ્ટા પડી ખાબોચિયાં નાનાં કર્યાં.

રાજમાર્ગે ચાલનારા છે તરત ભૂલી ગયા,
ને અહમને કારણે ફંટાઈ જઈ ફાંટા કર્યા.

એ જ સુખ ને એ જ દુઃખ ને એ જ તડકો-છાંયડો,
આંસુઓએ આમ બાવળના સદા આંબા કર્યા.

શ્વાસ-આવરદા દિશા-મંઝિલ બધું નિશ્ચિત છતાં,
મન મુજબ રસ્તા બધા ટૂંકા કર્યા લાંબા કર્યા.

પેટ ભરવું કે સુખી થાવું હતું અઘરું જ ક્યાં,
માત્ર સ્પર્ધામાં સરળ સીધાં જીવન વાંકાં કર્યાં.

એટલે ના અંત આવ્યો આપણાં દુઃખનો કદી,
આપણે પણ, કૈં પ્રહારો, જોઈ તક સામા કર્યા.

◆

## ઘર

તમે જ્યાં યાદ આવ્યા થઈ ગયું સુંદર વધારે ઘર,
હતું રણમાં છતાં લાગ્યું પછી દરિયાકિનારે ઘર.

ભભકતી રોશનીમાં જ્યાં અચાનક યાદ બા આવી,
મળ્યું ફાનસ લઈને વાટ જોતું અંધકારે ઘર.

અધૂરપ-વેદના બધ્ધું જ ભૂલી સૌ હસી પડતા,
ઘણી વેળા ચઢી જાતું કોઈ એવા વિચારે ઘર.

અમારા ભાગ્યમાં સૂરજનું અજવાળુંય ક્યાં સીધું,
મહેલના કાચ પર અથડાઈને આવ્યું અમારે ઘર.

પડયું-પડશે સતત લાગે છતાંયે હૂંફ-હિંમત દે,
ઘણાં વર્ષોથી મિસ્કીન છે ટકયું કેવા સહારે ઘર

◆

## ક્યાંક અજવાળું

ક્યાંક અજવાળું સવારે ચાર વાગે,
ક્યાંક અંધારું બપોરે બાર વાગે.

ક્યાંક જેસલમેર જેવું રણ ધબકતું,
ક્યાંક તો ન્યૂયૉર્ક પણ ભેંકાર લાગે.

એક બકરી પ્હાડની ટોચે ચરે છે,
પેટ ભરવું સર્વને પડકાર લાગે.

જે ગમી જાતું બને મૃગજળ કે વાદળ,
ને તરસ એની જ વારંવાર લાગે.

એ જ ધબકારે કદી ઊડી જવાના,
જે ટહુકતા રાખતો ધબકાર લાગે.

કોઈ વેળા સાવ હળવા ફૂલ જેવા,
કોઈ વેળા શ્વાસનો પણ ભાર લાગે.

બેઉ છે એક જ, નજર જોનાર જુદી,
ક્યાં અલગ સૃષ્ટિ અને સંસાર લાગે.

◆

## જકડે છે

સર્વ સાંધા ખટાશ જકડે છે,
એમ મનને બડાશ જકડે છે.

સંકડાશે હતા ગગનગામી,
દોસ્ત આ મોકળાશ જકડે છે.

એક ડગલુંય જાઉં ભરવા જ્યાં,
એ નજરની કુમાશ જકડે છે.

તાપમાં મુગ્ધ ઊભો છું વગડે,
ખૂબ ખીલ્યો પલાશ જકડે છે.

એ જ સંધ્યા-ઉષાનું સરનામું,
રાતભર જે રતાશ જકડે છે.

કમ નથી નાગચૂડથી મિસ્કીન,
કોઈના બાહુપાશ જકડે છે.

◆

## વારસામાં

છે મળ્યો અમને ગરીબીનો આ અજગર વારસામાં,
જેમ આપી જાય છે મા-બાપ ઈશ્વર વારસામાં.

અર્થ ના સમજાય, મન મજબૂર ઉજવે હર વરસ કૈં,
અટપટા અઘરા રિવાજો, કૈંક અવસર વારસામાં.

કેટલા માથાં વધેરાયાં કશો પત્તો મળે ના,
સર્વને એવો મળ્યો છે એક ઉંબર વારસામાં.

પ્લોટ પાડીને જુગારો ખૂબ ખેલ્યા ખૂબ પીધો,
ગામમાં કેવળ બચ્ચાં દસબાર ખેતર વારસામાં.

જે કંઈ મિસ્કીન છું મા બાપને કારણ પરંતુ,
શું મળ્યું? શું ખોઈ બેઠો? છું અનુત્તર વારસામાં.

◆

## નીકળ્યા

બેઉ બાજુ એકસરખું બોલનારા નીકળ્યા,
આ જગતમાં હર નદીને બે કિનારા નીકળ્યા.

કોક બસ કોક જ કરી ઉપકાર મૂંગા રહી શકયા,
હા, પ્રસિદ્ધિના ઘણા ભૂખ્યા સહારા નીકળ્યા.

થઈ ગયા બરબાદ કોરટમાં ચઢીને ઉમ્રભર,
એ મકાનો – ઘર બધા કેવળ ઉતારા નીકળ્યા.

નામ શું એનું લઈ નાહક ઉતારી પાડવા,
કોઈ વાતે નામ મોટા પણ બિચારા નીકળ્યા.

બીનજરૂરી બોલનારા તો હતા અઢળક મગર,
ખુબ ઓછા સત્ય ખાતર બોલનારા નીકળ્યા.

આંખના આંસુ ગયા મિસ્કીન ખૂટી આખરે,
આખરે પાંપણ જો ખંખેરી તિખારા નીકળ્યા.

◆

## બબ્બે કાફિયાની ગઝલ

જોઉં છું આકાર એ આકાર ઓગળતો નિહાળું,
હું થવા માલિક મથું એ પ્યાર ખળખળતો નિહાળું.

ને સ્મરણમાં હું મને ધબકાર સાંભળતો નિહાળું,
સ્પર્શ તારો આમ અપરંપાર ઝળહળતો નિહાળું.

સ્વસ્થ બેઠો છું અહીં આ સર્વની સાથે સહજ પણ,
તું વગરનો ક્યાંક ભારોભાર ટળવળતો નિહાળું.

લાગતો પરવશ ખૂણામાં હું અદબ વાળી ઊભો પણ,
જાતને તોડીને સઘળાં દ્વાર સાંકળતો નિહાળું.

જોઉં છું બે પ્રેમીઓ વરસાદમાં જ્યારે પલળતા,
હુંય અંદર-બહાર, મુશળધાર ફળફળતો નિહાળું.

◆